# સે. ૨૮ ખાતે ઢોરપકડ પાર્ટી સાથે ઝપાઝપી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી અને માલધારીઓ વચ્ચે ફરીવાર સેકટર-૨૮ ખાતે ગાળાગાળી અને ઝપાઝપી બનાવ સામે આવ્યો છે. આ હોબાળા દરમિયાન માલધારીઓનું ટોળુ એક ગાયને છોડાવી ગયા હતા. જયારે ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓને હવે પછી ગાયો પકડવા માટે આવશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપતા ઢોર પકડ પાર્ટીના અજય રાઠોડે સેકટર-૨૧ પોલીસ મથકે પાંચ વ્યકિત સામે નામ જોગ અને બીજા અજાણ્યા વ્યકિતઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દશેલા મોતીપરા વાસ ખાતે રહેતો અજય રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર મહાનગર પાલિકામાં ટેન્ડર આધારીત નગર પાલિકા વિસ્તારમાં જાહેર માર્ગ પર રખડતા ભટકતા ઢોર પકડવાની ટીમમાં તા.૧ સપ્ટેમ્બરથી નોકરી કરુ છુ અને તે

## ઢોર પકડ પાર્ટીને મહિને ૪.૫૦ લાખનો હપ્તો આપતા હોવાનો આક્ષેપ

શહેરના સેકટર-૨૧ ખાતે રખડતા ઢોરને પકડવા માટે ગયેલી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ અને માલધારીઓ વચ્ચે હોબાળો થયો હતો. ત્યારે ઢોર પકડ પાર્ટી સાથે હાજર પોલીસ જવાને એક માલધારીને માર માર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેને પગલે સમગ્ર મામલો સેકટર-૨૧ પોલીસ મથકે પહોંચ્યો હતો. જયારે માલધારીઓએ મનપાની ઢોર પકડ પાર્ટી દ્વારા મહિને રૂ.૪.૫૦ લાખનો હપ્તો ઉઘરાવવામાં આવતો હોવા છતા ઢોર પકડી લેવામાં આવી રહ્યા હોવાનો કથિત આક્ષેપ કરતો વિડીયો પણ વાયરલ કરવામાં આવ્યો છે.

## માલધારીઓ ગાય છોડાવી ગયા

પહેલા ચાર વર્ષથી પાલિકાના ઢોર ડબ્બામાં ફરજ બજાવુ છુ. આજે સવારે ૯ વાગે ટીમના સુપરવાઈઝર તેમજ પોલીસ બંદોબસ્ત સાથે રખડતા ઢોર પકડવા માટે નીકળ્યા હતા.

તે સમયે પ્રેસ સર્કલ થી ગ-૭ તરફના માર્ગ પર સેકટર-૨૮માં જવાના કટ પાસે પહોચતા જાહેર માર્ગ પર બે ગાય મળી આવી હતી. બે ગાયને ઢોર પકડ પાર્ટીએ પકડી પાડી હતી. જે પૈકીને એક ગાયને પાંજરાપોળના ટ્રેકટરમાં ચઢાવતા સમયે આસપાસમાંથી માલધારીઓ આવી પહોંચ્યા હતા અને ટીમ સાથે ગાળાગાળ કરી ઝપાઝપી કરી એક ગાયને ભગાડી મુકી હતી. ત્યારબાદ હોબાળો કરીને ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓને હવે પછી અહી આવશો તો જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપી હતી. જેને પગલે ઢોર પકડ પાર્ટીના કર્મચારીએ ધ્રુવ પ્રકાશ રબારી, પ્રકાશ નાથુભાઈ રબારી, મામુ રબારી, અર્જુન ઈશ્વર રબારી તેમજ ધરમશી જયરામભાઈ રબારી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના મહાજંગમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો આક્રમક પ્રચાર કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ અક્ષરધામ ખાતે ચૂંટણી પ્રચાર કરી ઉમેદવારોને રીઝવવાનો પ્રયાસ કર્યો હતો.

## ભાટના યુવાને ૩.૫૦ લાખની સામે લાખો ચુકવ્યા છતા વ્યાજખોરોની ઉઘરાણી

ગાંધીનગર, તા.૨૫

ભાટ ગામના યુવાને રૂ.૩.૫૦ લાખની સામે રૂ.૧૫ લાખ ચુકવ્યા છતા વ્યાજખોરો દ્વારા રૂ.૧૮ લાખનો હિસાબ નીકાળી ઉઘરાણી શરુ કરતા યુવાને વ્યાજખોરો સામે અડાલજ પોલીસ મથકે સામે ફરીયાદ નોંધાવી છે.

કોરોનાના કપરા સમયમાં વેપાર-ધંધા ઠપ થઈ ગયા છે. તો બીજીતરફ નોકરી ઓ પણ છુટી ગઈ છે. જેથી નાગરીકો વ્યાજે રૂપીયા લેવા માટે મજબુર બન્યા છે. ત્યારે સામાન્ય નાગરીકની મજબુરીનો ફાયદો ઉઠાવી વ્યાજખોરો ઉંચુ વ્યાજ વસુલતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ ગામે રામવાળા હાઉસીંગ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા અરવિંદભાઈ હરગોવનભાઈ ઓડ માટીકામનો વેપાર કરે છે.કોરોના સમયે રૂપીયાની જરુર ઉભી થતા અરવિંદભાઈએ ભાટ ગામે મુરલીધર સોસાયટી ખાતે રહેતા રાકેશ કાંતિલાલ ભરવાડ અને ભરત પાસેથી રૂ.૩.૫૦ લાખ રૂપીયા ૫ ટકાના વ્યાજે લીધા હતા. આ રૂપીયાની સામે વ્યાજખોરોએ અરવિંદ પાસેથી કોરા ૨૦ ચેક પર સહીઓ કરાવી હતી. જયારે અરવિંદભાઈએ ટુકડે ટુકડે રૂ.૩.૫૦ લાખની સામે રૂ.૧૫ લાખ ચુકવી દીધા હતા. તેમ છતા વ્યાજખોરો દ્વારા વધુ રૂ.૧૮ લાખનો હિસાબ કાઢી તેની ઉઘરાણી શરુ કરી હતી. તા.૨૩ ના રોજ અરવિંદભાઈ ઘરે ન હતા તે સમયે વ્યાજખોરો આવીને તેમના પત્નીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. જેને પગલે અરવિંદભાઈએ બે વ્યાજખોરો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



વોર્ડ નં. ૪ ના કોંગ્રેસના ઉમેદવારોએ સેક્ટર-૨૦ અને આસપાસના વિસ્તારોમાં જબરજસ્ત ચૂંટણી પ્રચાર કર્યો હતો. બોરીજ ગામમાં જઈ ગ્રામવાસીઓને કોંગ્રેસની તરફેણમાં મતદાન કરવા સમજાવ્યા હતા.

## કુડાસણ મોદી વાયફાય ચા ની કીટલી પરથી દોઢ લાખ ભરેલી બેગ ગાયબ

ગાંધીનગર,તા.૨૫

કુડાસણ સત્કાર હોટલની પાસે આવેલી મોદી વાયફાય કીટલી પાર્લરની પાસે ખાટલા પર દોઢ લાખ રોકડા ભરેલી મરૂન કલરની બેગ મુકી હતી. સવારના સમયે બે શખ્સો આવ્યા હતા. તેમાં એક શખ્સે કોઈ ચીજવસ્તુ લીધી હતી જયારે બીજો શખ્સ તે બેગ લઈ ગાડીમાં બેસીને આંખના પલકારમાં ફરાર થઈ ગયા હતા.આ બેગમાં રૂપીયા સાથે ત્રણ બેંકની પાસબુક, ચેકબુકો અને ગાડીની આરસીબુક, ચુંટણીકાર્ડ, આધારકાર્ડ સહિતના જરુરી કાગળો પણ બેગમાં હતા. બનાવ અંગે જીતેન્દ્ર રમણલાલા પટેલે ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જીતેન્દ્ર રમણલાલ પટેલ કાનમ-૨ રેસીડેન્સી ખાતે પરિવાર સાથે રહે છે અને મોદી વાયફાય ચા નામે પાર્લર ચલાવે છે. આજે સવારના સાડા પાંચ વાગે જીતેન્દ્રભાઈ ઘરે થી નીકળીને પાર્લર પર આવ્યા હતા તે સમયે ચોકીદાર રઘુભાઈ પાર્લરના આંગણામાં સુઈ રહ્યા હતા. જીતેન્દ્રભાઈ ઘરે થી રોકડા દોઢ લાખ રૂપીયા ભરેલ પાકીટ, ચેક બુક,પાસબુકો,ગાડીની આરસીબુક, ચુંટણીકાર્ડ અને આધારકાર્ડ સહિતની કાગળો આ બેગમાં હતા. બેગ ખાટલા પર મુકીને તેઓ દિવાબત્તી કરવા લાગ્યા હતા. તે સમયે બે શખ્સો પાર્લર પર આવ્યા હતા અને એક શખ્સે કોઈ ચીજવસ્તુ માંગી હતી જે આપવા માટે હું ગયો હતો તે દરમિયાન બીજો શખ્સ તે પાકીટ લઈને આગળ ઉભી રહેલી ગાડીમાં બેસીને બે શખ્સો રવાના થઈ ગયા હતા.

## શહેર-જિલ્લામાં વેક્સિનેશનમાં ૧૨ હજારથી વધુને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૧૨,૫૧૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. વેક્સિનેશન અભિયાનમાં આજે બીજા ડોઝની વેક્સિન લેનારાઓની સંખ્યા વધુ હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭૪૭ લોકોને અને શહેરમાં ૩૭૬૫ લોકોને અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા. જો કે ૯ હજારથી પણ વધુ લોકોએ આજે વેક્સિનનો બીજો ડોઝ લીધો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭,૭૫,૫૮૭ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૩,૪૬,૯૬૦ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬,૦૬,૪૩૩ પુરૂષ અને ૫,૫૧,૯૫૯ મહિલાઓને આવરી લેવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ૩૭૬૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩,૪૮,૦૧૫ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૧,૭૬,૨૫૧ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## હિરલ ભટ્ટના યુનિક, ટ્રેડિશનલ અને ટ્રેન્ડી મોતી ઓર્નામેન્ટ્સનું એક્ઝિબિશન ૨૭મી સુધી યોજાશે

ગાંધીનગરના સેક્ટર એકમાં શ્રીમતી હિરલ ભટ્ટ દ્વારા નિર્મિત હસ્તકલા અને કારીગરીના ઉત્તમ નમૂનારૂપ મોતીના ટ્રેડિશનલ અને ટ્રેન્ડી ઓર્નામેન્ટના પ્રદર્શન-વેચાણનું આયોજન કરાયું છે. કારીગરીની સાથોસાથ જેની બનાવટમાં ખૂબ ચીવટ, ખંત અને ધીરજ ની જરૂર પડે છે એવા મોતીના આ ઓર્નામેન્ટ્સ યુનિક છે. લગભગ ૨૫ વર્ષોથી મોતીના ઓર્નામેન્ટ્સ બનાવતા શ્રીમતી



હિરલ ભટ્ટના મોતીના ઓર્નામેન્ટ્સની ગાંધીનગર અને અમદાવાદ ઉપરાંત ગુજરાત બહાર પણ સારી માંગ છે.

× હું વર્ષોથી દરરોજ ઓછામાં ઓછા ત્રણ કલાક મોતીના ઓર્નામેન્ટ્સ બનાવવામાં પસાર કરું છું.. ગમે એટલા કામ પછી પણ મોતીના ઓર્નામેન્ટ્સ બનાવવા એ મારા માટે સ્ટ્રેસ બસ્ટરનું કામ કરે છે. મેડીટેશન જેટલો જ આનંદ અને રાહત મને મારા મોતીકામમાંથી મળે છે. બહેનોમાં કળા અને કારીગરી અત્યંત સહજ છે, ઘરકામની સાથે સાથે દરેક ગૃહિણીએ કોઈને કોઈ હસ્તકળા વિકસાવવી જોઈએ, જે તેમને રાહતની અનુભૂતિ કરાવશે.× સંયુક્ત પરિવારમાં રહેતા શ્રીમતી હિરલ ભટ્ટ કહે છે કે, ×શરૂઆતમાં હું શોખથી મોતીના ઘરેણાં બનાવતી હતી, મેં બનાવેલા ઓર્નામેન્ટ્સ ગાંધીનગરમાં ગરબાપ્રેમી દીકરીઓને ખૂબ ગમતા. તેમની માગણીને કારણે મેં જરૂરિયાત પ્રમાણે ઓર્નામેન્ટ્સ બનાવવાનું શરૂ કર્યું. જોકે આજે પણ મોતીના ઓર્નામેન્ટ્સ બનાવવા એ મારે માટે નિજાનંદ છે. તેમાંથી થતું આર્થિક ઉપાર્જન તો મારા શોખની આડપેદાશ છે.×

શ્રીમતી હિરલ ભટ્ટને મોતીના ઓર્નામેન્ટ્સ બનાવવા માટે સમય, ધીરજ અને મહેનતની સાથે સાથે મોતી અને દોરાની આવશ્યકતા હોય છે. તેમણે આજ સુધી જેટલા દોરામાં મોતી પરોવ્યાં છે તે તમામ દોરાની ખાલી રીલ તેમણે સાચવી રાખી છે. આજ સુધીમાં લગભગ ૧૦૨ જેટલી રીલના દોરાથી તેમણે મોતીના ઓર્નામેન્ટ્સ બનાવ્યા છે. ગણિત માંડીએ તો પ્રત્યેક રીલમાં ૩૦૦ મીટર લંબાઈના દોરા હોય છે, આ હિસાબે અત્યાર સુધીમાં અંદાજે તેમણે ૩૦,૦૦૦ મીટરથી વધારે લંબાઈના દોરામાં મોતી પરોવ્યાં છે...!

મોતીના ઓર્નામેન્ટ્સ બનાવવાની આર્ટ શીખવા ગાંધીનગરની ઘણી દીકરીઓએ હિરલ ભટ્ટ પાસેથી તાલીમ મેળવી છે. કોરોના પહેલાના સમયમાં હિરલ ભટ્ટ ક્યારેક ગાંધીનગરના નારી સંરક્ષણ ગૃહમાં નિવાસ કરતી



બહેનોને મોતીકલા શીખવવા પણ જતા હતા. બહેનોને મોતીકલા શીખવીને, તેમને રૉ-મટીરીયલ આપીને તેમની પાસેથી મોતીના ઓર્નામેન્ટ્સ ખરીદીને તેમને આર્થિક પ્રવૃત્તિ સાથે જોડવાનું કાર્ય પણ તેમણે કર્યું હતું. ગાંધીનગર-નિફ્ટની કેટલીક વિદ્યાર્થીનીઓ પણ મોતીના ઓર્નામેન્ટ્સ માટે નિયમિત રીતે હિરલ ભટ્ટની મુલાકાત લે છે.

શ્રીમતિ હિરલ ભટ્ટના હેન્ડમેઈડ મોતીના ટ્રેડિશનલ અને ટ્રેન્ડી ઓર્નામેન્ટ્સનું પ્રદર્શન અને વેચાણ સોમવાર, તા. ૨૭ મી સપ્ટેમ્બર સુધી સવારે ૧૧.૦૦ વાગ્યાથી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

## શહેરમાં ચૂંટણી-વરસાદ સાથે આવતાં નાગરિકોને પરેશાની : વસાહત મહાસંઘ

### શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો અને કચરાના ઢગને કારણે ગંદકીભર્યા માહોલથી રોગચાળાનો ખતરો : ચુંટણીના કારણે મહાનગર પાલિકાનું વહીવટી તંત્ર ઠપ્પ થઇ ગયું હોવાનો મહાસંઘનો આરોપ

ગાંધીનગર તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની અગાઉ મોકુફ રહેલી ચુંટણી અને વરસાદ બંને છેલ્લા પંદર દિવસથી એક સાથે શરૂઆત થયેલી છે જેના કારણે શહેરના વસાહતીઓ પિસાઈ રહયા છે અને રોજબરોજની કામગીરી ખોરંભે પડી છે, મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર હાલ ઠપ્પ થઈ ગયું છે અને કમિશનર પણ અત્યારે શહેરના નાગરિકોના પ્રશ્નો સાંભળવાને બદલે ઓફિસ છોડીને સરકારી કામગીરીને બહાને રાજકીય પક્ષને ફાયદો કરાવવા માટે સત્તાનો દુરુપયોગ કરીને આચારસંહિતાનો ભંગ કરી રાજકીય બેઠકો કરી રહ્યા છે તેવો આરોપ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે લગાવ્યો છે.

વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે અત્યારે ચોમાસામાં છેલ્લા પંદર દિવસથી દરરોજ વરસાદ પડી રહ્યો છે, જાહેર રોડ-રસ્તાં તેમજ વસાહતોના કોમન ચોકમાં વરસાદી પાણી ભરાયાં છે, આંતરિક રસ્તાઓ તથા કોમન ચોકમાં નિયમિત સાફસફાઈ કરવામાં આવતી નથી જેના કારણે વરસાદી પાણીનો ભરાવો થયો હોય ત્યાં રખડતી ગાયો સહિતના ઢોરના છાણ વગેરે પાણીમાં કોહવાઈ જવાથી વસાહતીઓના રહેણાંક નજીક ગંદકી ખદબદે છે. અત્યારે શહેરમાં હાલ મચ્છર જન્ય રોગચાળાની અસર દેખાય છે અને ખાનગી-સરકારી દવાખાના દર્દીઓથી ઉભરાય છે જેને નિયંત્રણમાં લેવા માટે મ્યુ.કમિશ્નરે સ્થળ પર નિરીક્ષણ કરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા સાથે સાફસફાઈ કરાવવી, જાહેર શૌચાલયની ગંદકી જોતાં આરોગ્ય તંત્રને સઘન બનાવવુ વગેરે કામગીરી કરવા સુચનાઓ આપવામાં આવે તેવી તાતી કામગીરી કરવાની જરૂર જણાય છે. વળી શહેરના નાગરિકોને ડસ્ટબીન જીદ કરી આપવામાં આવ્યા નથી જેના કારણે રહેણાંક વિસ્તારમાંથી ઘણી જગ્યાએથી કચરો લઈ જવામાં આવતો નથી જેના લીધે સાફસફાઈના અભાવે રસ્તાઓ પર તથા જાહેર રોડ પર કચરાના ઢગલા ખડકાયેલા જોવા મળે છે મહાનગરના ગ્રામ્ય વિસ્તારમાં પણ નિયમિત સફાઈ કરવામાં આવતી નથી અને જાહેર રોડ રસ્તાઓ તુટી ગયા છે અને ઘણી જગ્યાએ પાણી ભરાઈ જવાથી કાદવ કીચડ જોવા મળે છે.

## કોરોના મહામારીએ હજુ વિદાય લીધી નથી

કેશરીસિંહ બિહોલાએ ટકોર કરી છે કે કોરોના મહામારી એ હજુ વિદાય લીધી નથી, હજુ શહેરમાં એક બે કેસો સરકારી ચોપડે નોંધાય છે ત્યારે ચુટણીમાં પ્રચાર માટે રાજકીય પક્ષો દ્વારા ગાંધીનગર શહેરના નાગરિકો સિવાય રાજયના અન્ય શહેરોમાંથી કે અન્ય રાજયોમાંથી માણસો ઉતારી દેવામાં આવ્યા છે અને સરઘસ, રેલીઓ, સભાઓ કરી શહેરના નાગરિકોની ઉંધ હરામ કરી દીધી છે. શહેરમાં પુનઃ કોરોના મહામારીને આમંત્રણ મળે તે પહેલાં ચુટણી સુધી ગાંધીનગર શહેરના નાગરિકો સિવાય હાલ પુરતા અન્ય શહેરો રાજયના નાગરિકોને ગાંધીનગર શહેરમાં કામ સિવાય આવવા પર રોક લગાવવી જરૂરી છે જે વહીવટી તંત્ર દ્વારા વિચારવું જોઈએ

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે રજાનો દિવસ હોવા છતાં ચૂંટણીની કામગીરી માટે નિમાયેલા કર્મયોગીઓને તાલિમ આપવામાં આવી હતી.
- સરકારી વાણિજ્ય કોલેજમાં કોલેજની આંતરિક પરીક્ષા ઓકટો.ની ૧૧મીથી ઓનલાઈન અને ૧૮મીથી ઓફલાઈન શરૂ થશે.
- આજે સવારે સે. ૬ અપના બજાર પાસે નેચર ફર્સ્ટ દ્વારા દર શનિવારે પ્લાસ્ટિકયુક્ત અભિયાન અંતર્ગત બિન ઉપયોગી પ્લાસ્ટીકના કચરાને એકત્રિત કરવામાં આવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આજે બપોરે ૨ થી ૪ ના ગાળામાં ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં ચોમાસાની આ સિઝનમાં સરેરાશ ૬૬.૩૮ ટકા વરસાદ સવારે ૬ વાગ્યા સુધીમાં નોંધાયો છે.
- એક સપ્તાહ પછી યોજાનારી મનપાની ચૂંટણીમાં મતદાન માટે ઈ.વી.એમ. તૈયાર કરવાની કામગીરી તંત્રએ હાથ પર લીધી છે.
- ચૂંટણી પ્રચારમાં ડોર ટુ ડોર ફરતા ઉમેદવારો સાથે આવતા ઢોલીના રોજીના દરમાં વધારો થયેલો જોવા મળ્યો છે.
- શહેર ભાજપના સાંસ્કૃતિક સેલની ગઈકાલે એક વિસ્તૃત બેઠક મધ્યસ્થ કાર્યાલય ખાતે મળી હતી. જેમાં લેવાયેલ નિર્ણય મુજબ દરેક વોર્ડમાં ડાયરા અને શેરી નાટક યોજવાનો નિર્ણય લેવાયો હતો.
- લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ટી.બી.ના દર્દીઓને પૌષ્ટીક આહાર મળી રહે તે માટે આજે ૧૦ કીટ બનાવી તેનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકની ૪૭મી વાર્ષિક સાધારણ સભા આજે વર્ચ્યુઅલી યોજાશે. આ માટે ગ્રાહકોને લીંક બેંક દ્વારા મોકલી આપવામાં આવી છે.

## એમ.પી. ગોપાલક સ્કૂલમાં બેટી બચાવો બેટી પઢાવોનો કાર્યક્રમ

એમ.પી. ગોપાલક સ્કૂલ ખાતે બેટી બચાવો બેટી પઢાવો થીમ પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બેટી બચાવો થીમ પર વિદ્યાર્થીઓએ નાટકની રજૂઆત કરી હતી અને આવનારી પેઢી માટે સંદેશો પૂરો પાડયો હતો. શાળાના ટ્રસ્ટી જગતભાઈ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ વાઘેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ સમાજ ઘડતરનું ચિંતન : રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત

### ગાંધીનગર સરકારી વિનયન કોલેજ ખાતે યોજાઈ ભારતીય ભાષાની કાર્યશાળા

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ સમાજ ઘડતરનું ચિંતન છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર દ્વારા યોજાયેલા ''રાષ્ટ્રીય શિક્ષા નીતિ : ભારતીય ભાષાઓ અને સાહિત્યના વિશેષ સંદર્ભમાં'' વિષયક કાર્યશાળામાં રાજયપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિમાં ભાષા અને સાહિત્યને આગવું સ્થાન મળ્યું છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય બાળક અને યુવા પેઢીમાં સમાયેલું હોય છે. ત્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શ્રેષ્ઠ નાગરિકોના ઘડતર સાથે નૈતિક જીવન મૂલ્યોના શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાચીન ભારતમાં શિક્ષણ જીવનના સમગ્રતયા વિકાસને અનુલક્ષીને આપવામાં આવતું હતું. જેના કારણે ભારતીય ગુરૂકુળ પરંપરા જગ વિખ્યાત હતી.





રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતની આ પ્રાચીન શિક્ષા પરંપરાનો ધ્વંસ કરીને જ અંગ્રેજો ભારતમાં સત્તા સ્થાપી શક્યા હતા. અંગ્રેજોની ગુલામીમાંથી ભારત સ્વતંત્ર થયું પરંતુ અંગ્રેજીયત હજુ લોકોના માનસમાંથી જતી નથી. તેમણે જણાવ્યું હતું કે પ્રાચીન ભારતની શિક્ષણ પરંપરામાં શિક્ષણનો ધ્યેય જીવનનાં ઉદ્દેશને જાણવાનો હતો. રાજયપાલશ્રીએ એક ભારત - શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે રાષ્ટ્રની એક ભાષા- રાષ્ટ્ર ભાષા હિન્દીને મહત્વરૂપ ગણાવી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મ ડૉ. વિષ્ણુ પંડયાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જેમાં પરિવર્તન થાય તે ખૂબ જ જરૂરી છે. પણ શિક્ષણનો મૂળ આત્મા ન બદલાય તે પણ તેટલું જ મહત્વનું છે. શિક્ષણમાં પ્રત્યેક્ષ-પરોક્ષ રીતે વિજ્ઞાન, ટેકનોલોજી, કલા અને સાહિત્ય સમાયેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ૨,૭૯૬ જેટલી ભાષાઓ છે. તેમજ ભારત દેશમાં પણ ૮૪૫ જેટલી ભાષાઓ બોલાય છે. આપણા દેશમાં આટલી બધી ભાષાઓ હોવા છતાં પણ દેશ એક તાંતણે બંધાયેલ છે, તેનું ઉમદા કારણ પણ રજૂ કર્યું હતું. જ્ઞાન સાથે સંવેદના આપતું શિક્ષણ ભારતે આપ્યું છે. નવી શિક્ષણ નીતિ ભારતને શિખરે પહોંચાડે તેવી દિશા તરફની હોવી જોઈએ તે પણ ખૂબ જરૂરી છે. સારી શિક્ષણ નીતિ માટે ભાષા- સાહિત્યનું મંથન કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો.

આ પ્રસંગે સરકારી વિનયન કોલેજના આચાર્ય ડૉ. અનુપા ચૌહાણે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કોરોના વેક્સિનેશનની જાગૃતિ આપતી ટુંકી ફિલ્મ પર બતાવવામાં આવી હતી. આ બે દિવસીય સેમિનારમાં આ વિષય પર તજજ્ઞો દ્વારા ઉમદા માહિતી આપવામાં આવશે. તેમજ નવી શિક્ષણ નીતિ પર વિચારને આપ-લે કરવામાં આવશે.